**ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત વિભાગીય સંશોધન કેંદ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ. મોટી ખરજ, તા. જી. દાહોદ ખાતે તા. ૧૫ મે ૨૦૨૩ ના રોજ મગફળી પાક અંગે ફિલ્ડ ડે કાર્યક્રમ યોજાયો**

વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત **મુ. મોટી ખરજ, તા. જી. દાહોદ ખાતે તા. ૧૫ મે ૨૦૨૩ ના રોજ 'મગફળી પાક'** અંગે **ફિલ્ડ ડે** નું આયોજન કરવામાં આવેલ.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ મગફળીની નવી જાત જી. જી. ૩૪ નું નિદર્શન આ ઉનાળુ ઋતુમાં પ્રગતિશીલ ખેડૂતશ્રી સમસુભાઈ દલાભાઈ પરમારને આપવામાં આવેલ. આ જાતના સુંદર પ્રદર્શનથી અન્ય ખેડૂતોને માર્ગદર્શન મળે તે હેતુથી આ ફિલ્ડ ડે નું આયોજન કરવામાં આવેલ.

આ **ફિલ્ડ ડે** માં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિભાગીય સંશોધન કેન્દ્રના મગફળી પાકના મુખ્ય વૈજ્ઞાનિકશ્રી પ્રો. હિતીક્ષાબેન પરમાર, પાક સંરક્ષણ વિષયના વૈજ્ઞાનિકશ્રી પ્રો. વી. કે. ચૌધરી અને ફાર્મ મેનેજરશ્રી પ્રો. વી. બી. પટેલની ઉપસ્થિતિમાં '૨૯' જેટલાં ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

સૌ પ્રથમ પ્રો. હિતીક્ષાબેન પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગફળીની વિવિધ જાતો અને તેની ખાસિયતો વિષે માહિતી આપેલ. ત્યાર બાદ મગફળી પાકમાં રોગ/ જીવાત વ્યવસ્થાપન અને નિયંત્રણ વિષે, પ્રો. વી. કે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે તેમજ મગફળીની નવી જાત જી. જી. ૩૪ ની ખેતી પધ્ધતિ વિષે પ્રો. વી. બી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે ફિલ્ડ મુલાકાતમાં સ્થળ પર ઉંડાણપુર્વક માહિતી અને માર્ગદર્શન આપેલ.




AAU
વિભાગીય સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
ખેડૂત તાલીમ/ ફિલ્ડ ડે
૨૦૨૩
ઉનાળુ
મગફળી
ગામ
તાલુકો
જીલ્લો
તારીખ

